# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/235 Dt. 06/12/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ટેક્ષ્ટાઇલ પર્વનો ચોથો દિવસ, ઉદ્યોગ અગ્રણીઓએ ઉદ્યોગ સાહસિકોને ટકાઉ ઉત્પાદન અને એમએમએફની ઉપયોગિતા વિશે માર્ગદર્શન આપ્યું

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના જી.એફ.આર.આર.સી. (ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટર) દ્વારા તા. ૧લીથી ૮મી ડિસેમ્બર, ૨૦૨૫ દરમ્યાન સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે સાંજે ૫:૩૦ કલાકે ટેક્ષ્ટાઇલ પર્વનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુરૂવાર, તા. ૪ ડિસેમ્બરે ટેક્ષ્ટાઇલ પર્વના ચોથા દિવસે નિષ્ણાત વકતાઓ તરીકે સાઉથ ગુજરાત ટેકસટાઇલ પ્રોસેસર્સ એસોસિએશનના પ્રમુખ શ્રી જીતેન્દ્ર વખારિયાએ સુરત ટેક્ષ્ટાઈલ ઉદ્યોગમાં ટકાઉ ઉત્પાદન કેવી રીતે કરવું તેના વિષે અને ચેમ્બરના પૂર્વ પ્રમુખ તેમજ ચેમ્બરની ટેક્ષ્ટાઈલ ટાસ્ક ફોર્સના ચેરમેન શ્રી આશિષ ગુજરાતીએ આધુનિક ફેશન જગતમાં મેન–મેડ ફાઇબરની ભૂમિકા કેવી રીતે ઝડપી વધી રહી છે તેના વિષે સુરતના ઉદ્યોગ સાહસિકોને વિસ્તૃત સમજણ આપી હતી.

ચેમ્બરના તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે, આ વખતે સપ્તાહના છએ છ દિવસ ટેકસટાઇલ પર્વ રાખવામાં આવ્યું છે. ધીમે ધીમે ઓટોમેટિક લૂમ્સ વધતા જાય છે ત્યારે નોલેજ અને માહિતીની જરૂર હોય છે, આથી જુદા–જુદા ઇન્ડસ્ટ્રી એક્ષ્પર્ટ સુરતના ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપી શકે તે માટે કાર્યક્રમ રાખવામાં આવ્યા છે.

સાઉથ ગુજરાત ટેકસટાઇલ પ્રોસેસર્સ એસોસિએશનના પ્રમુખ શ્રી જીતેન્દ્ર વખારિયાએ કહ્યું કે, આજના સ્પર્ધાત્મક યુગમાં ટકી રહેવું મુશ્કેલ છે. આંધળી દોડમાં પડવાના દિવસ નથી. સરકારો પહેલા ઈકોનોમીને પ્રાધાન્ય આપતી હતી પણ આજે ઈકોલોજી કેન્દ્રમાં છે. પર્યાવરણના કાયદાઓ કડક થઈ રહ્યા છે. તેમણે પાંડેસરામાં ૯૦ના દાયકામાં શુદ્ધ પાણી પછી ર૦૧રમાં રિસાઈકલ્ડ પાણી દ્વારા કેવી રીતે ટકાઉ ઉત્પાદન હાંસલ થયું એ ઉદાહરણ આપતા સમજાવ્યું કે એની નોંધ દેશમાં લેવાઈ હતી.

તેમણે કહ્યું કે લીડર બનવું સારી વાત છે પણ નીડર લીડર બનવું અઘરું છે. ઉદ્યોગને ટકાવી રાખવાની લીડરની જવાબદારી છે. સરકારી તંત્રને સમજાવીને એમિશન મોનિટરિંગ સિસ્ટમ કેવી રીતે લાગુ થઈ અને એના લીધે કલોઝર આવતું અટકાવ્યું, કાયદાના માર્ગે ચાલીને સુરતના કાપડ ઉદ્યોગે કેવી રીતે આંતરરાષ્ટ્રીય નામ મેળવ્યું એ તેમણે સમજાવ્યું હતું.

ચેમ્બરના પૂર્વ પ્રમુખ તેમજ ચેમ્બરની ટેક્ષ્ટાઈલ ટાસ્ક ફોર્સના ચેરમેન શ્રી આશિષ ગુજરાતીએ કહ્યું કે સમગ્ર વિશ્વ ૭પ% એમએમએફ વાપરે છે. ઠંડા દેશોમાં પોલિએસ્ટર બેડશીટનું ચલણ વધ્યું છે. એમએમએફની લાક્ષણિકતા અને ગુણવત્તા, ટકાઉપણા વિશે ચિતાર આપતા વૈશ્વિક વપરાશમાં આપણે કેવી રીતે હિસ્સો વધારી શકીએ અને લાભ મેળવી શકીએ એની વ્યૂહરચના તેમણે સમજાવી હતી.

તેમણે કહ્યું કે છત્રી, રેઈનકોટ, સ્પોર્ટ્સવેરમાં એમએમએફની અપાર સંભાવનાઓ છે. ફેશન ઉદ્યોગમાં હવે દર બે–ત્રણ કલાકે ટ્રેન્ડ ચેન્જ થઈ રહ્યો છે. એમએમએફમાંથી કઈ કઈ વસ્તુઓ બની શકે, ખાસ કરીને ટેકનિકલ ટેક્સટાઈલમાં, તે વિશે તેમણે વિગતે પ્રેઝન્ટેશન આપ્યું હતું. ફ્લેક્સ બેનર બેન થતા મીડિયા પેપર આવ્યા છે એમ કહેતા તેમણે ટકાઉ અને રિસાયકલેબલ ટેક્સટાઈલ વિશે માર્ગદર્શન આપ્યું હતું.

ઉપરોકત બંને વકતાઓએ ઉદ્યોગકારોને મૂંઝવતા પ્રશ્નોના જવાબ આપ્યા હતા. જીએફઆરઆરસીના કો–ચેરમેન શ્રી અમરિષ ભટ્ટે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરી ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.